| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૮/૧૧/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૭૪/૨૦૨૩

**સરખેજઃ** ઉષાબહેન વા/ઓ ગોવિંદભાઇ વાલ્મીકી (ઉ.વ.૨૨)(રહે.મહમદપુરા નવા આર.સી.સી રોડ ખાતે કાચા છાપરામાં મહમદપુરા ગામ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૩ સાંજના ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર માટે તેમને બોપલ આઇ.સી.યુ. ટ્રોમા સેંન્ટર હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૧/૨૦૨૩ બપોરના ૨/૫૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગૌસ્વામી ચલાવે છે.

**શાહીબાગઃ** કમલેશભાઇ શંકરભાઇ પટણી (ઉ.વ.૨૮)(રહે.પરમેશ્વર પાર્ક ના છાપરા અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી